અપીલ અરજી નં.૧૮૩ તા.૨૩–૯–૦૮

અરજદારઃ શ્રી મદન બી. ભાટીયા
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મદન બી. ભાટીયાની તા.૨૧–૫–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં યાંત્રિક/બિનયાંત્રિક વાહનો પર હરતી ફરતી જાહેરાત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૩/૨૦૦૮–૦૯

શ્રી મદન બી. ભાટીયાની તા.૨૧–૫–૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં યાંત્રિક/બિનયાંત્રિક વાહનો પર હરતી ફરતી જાહેરાત આપવા બાબતે એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૨ તા.૨૬–૯–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. અરજદારને અપીલના આધાર સમર્થન રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ તે રજૂ કરવામાં નિષ્ફળ રહેલ જણાય છે. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા મોકલેલ વિગત અનુસાર તેમના તા. ૨૮–૮–૦૮ ના પત્ર નં.૪૩૦૩ થી અરજદારને માહિતી પૂરી પાડયાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૫–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે. આથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી જેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.......... જાણ તથા અમલ માટે.
(૨) મદન બી.ભાટીયા